Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-16, Issue-4, March-2023

# સંપોષિત વિકાસ અને ગાંધીજીના આર્થિક વિચારો

**ડો.અવની મુકુલ ભટ્ટ**
મદદનીશ પ્રાધ્યાપક (અર્થશાસ્ત્ર ) સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ,જાદર

***ટૂંકસાર*** *:*
*આધુનિકરણ આતંક્વાદ અને દહેશત થી પ્રેરિત વિશ્વ આજે યાંત્રીકરણ ની હોડ્મા વિશ્વ યુધ્ધ ની સ્થિતિમા આવી ગયુ છે ત્યારે ગાંધી ચિંધ્યા માર્ગે સમાજ્વાદ કે મૂડીવાદ થી ઉપર માનવતાવાદ ને અગ્રેસર રાખી સત્ય અને અહિસાના માર્ગે વિકાસ કરવો રહ્યો. કુદરતી રીતે વિકાસ અને પર્યાવરણ ની જાળવણી આપણા માટે આજે પ્રથમ ક્મે છે. કારણકે સમગ્ર સજીવ સૃષ્ટિ આજે ગ્લોબલ વોર્મીંગ ની અસરનો ભોગ બની રહી છે અને આપણુ અસ્તિત્વ જોખમમા મુકાયુ છે.પ્રસ્તુત આર્ટીકલ ગાંધીજીના આર્થિક વિચારોને વર્તમાન અગત્યના વિષય એટલેકે સમપોષિત(ટ્કાઉ) વિકાસ ની વિભાવના ના સંદર્ભમાં ચકાસે છે. આપણે જાણીએ છીએ કે ગાંધીજી એ મૂડીવાદ કે સમાજવાદ થી ઉપર માનવતાવાદી અભિગમ સાથે પોતાના આર્થિક વિચારો પ્રસ્તુત કર્યા છે . ગાંધીજીના વિચારો પ્રકૃતિ અને પ્રકૃતિ સાથે સંકળાયેલ બાબતો ને પ્રાધાન્ય આપેછે પાશ્વાત્ય ભૌતિક સુવિધાઓનો પ્રકૃતિના ભોગે નહીં પણ સર્વ જન સુખાય અને સર્વ જન હિતાય ના અભિગમ થી ઉપયોગ થવો જોઇએ. મર્યાદિત જરૂરિયાત થી પર્યાવરણ રક્ષણ સાથેનો વિકાસ ગાંધીજી ઇચ્છતા હતા વાલીપણાનો સિધ્ધાંત, સ્વદેશી, યાંત્રીકરણ અંગેના વિચારો, વિકેન્દ્રિત વ્યવસ્થા , ગ્રામીણ વિકાસ વગેરે વિચારો અંતેતો માનવ અસ્તિત્વ માટેના જ અભિગમ હતા.*

**પ્રસ્તાવના:**
અંહી આ વિચારો વર્તમાન સાતત્યતા અને નવી પેઢીને દિશા નિર્દેશન માટે મહત્વના છે. ગાંધીજી ના આર્થિક વિચારો એ કોઇ વાદ નહી પણ એક જીવન પ્રણાલી છે જે વ્યાવહારિક,સાદગી અને સમાનતા ના અભિગમ સાથે વિકાસની વાત કરે છે.ગાંધીજી ના મતે, "ગાંધીવાદ જેવી કોઇ વસ્તુ છેજ નહી. મારે મારી પાછળ કોઇ સંપ્રદાય મૂકી જવો નથી. મે કોઇ નવું તત્વ કે સિધ્ધાંત શોધી કાઢ્યો છે તેવો દાવો નથી. મે તો માત્ર જે શાશ્વત સત્યો છે તેને આપણાં નિત્યના જીવનના પ્રશ્નો ને લાગુ પાડવાનો મારી ઢબે પ્રયાસ કર્યો છે."

વધતુ જતુ શહેરીકારણ, યાંત્રીકરણ ગરીબી, બેકારી, ભૂખમરો, વિનાશક શસ્ત્રો અને યુધ્ધ જેવા માહોલ ને કારણે ઉભા થયેલા પર્યાવરણીય જોખમો સામે માનવીએ પોતાના અસ્તિત્વને જાળવી રાખવા માટે થઇને પણ ટકાઉ વિકાસની વિભાવના ને સમજવી અને સ્વીકારવી જ રહી આ માટે ગાંધીજીના આર્થિક વિચારોમાં સાદગી, સ્વાવલંબન, ગ્રામોધોગ, ગૃહ ઉધોગ, નાના પાયા પરના ઉદ્યોગો, વિકેન્દ્રીકરણ, વાલીપણા નો સિદ્ધાંત, નીતિમતા, શ્રમ-પ્રધાન ઉત્પાદન પધ્ધતિ, સામાજિક આર્થિક સમાનતા, ગ્રામ વિકાસ, અંત્યોદય, સ્વચ્છતા અને પર્યાવરણની જાળવણી ને મહત્વ આપ્યું છે.

ગાંધીજીના વિષે પ્યારેલાલ 'ભાવિ સમાજ રચના ની દિશામાં' પુસ્તક માં ગાંધીવાદી અર્થવ્યવસ્થાના લક્ષણોમાં જણાવ્યા મુજબ નાનાપાયા પરની વૈયક્તિક અને વિવિધ પ્રકારની સહકારી પ્રયાસોના ટેકાવાળી ખેતી, ગૃહ ઉધોગોનો વિકાસ, પશુપ્રધાન અર્થવ્યવસ્થા, પ્રાણી સૃષ્ટિ, વનસ્પતિ સૃષ્ટિ અને માનવ સૃષ્ટિ વચ્ચે નો સબંધ ઉપકારક હોવાથી તેમની વચ્ચે યોગ્ય સમતુલા હોવી જોઇએ.

જી,ટી. એચ, કોલના મતે, "ગાંધીજીની ખાદી ઉધોગ માટેની પ્રવૃત્તિ હિન્દને ભૂતકાળ માં ઘસડી જવાની ધૂન હતી પણ હિંદના ગામાડાઓમાં વસતા લોકોનોએ ગરીબીમાથી મુક્ત કરવાનો અને તેમનું ઈવનધોરણ ઊંચું લઈ જવાનો વ્યવહારુ માર્ગ હતો."

આલ્ડ્ઝ હક્ઝલીનામતે "ટેકનોલોજિકલ પ્રગતિએ આપણને માત્ર અધોગતિને માર્ગે જવાનું ખૂબ કાર્યશ્રમ પૂરું પાડ્યું છે. માત્ર અહિંસા માનવજાતને સાચી પ્રગતિ તરફ દોરી જાય તેમ છે. સ્વાયત્ત અને સ્વાવલંબી ગામાડા વાળી વ્યવસ્થાજ આદર્શ છે,"

સમ્પોષિત વિકાસ એટલે એવો વિકાસ જે ભવિષ્યની પેઢિની જરુરિઆતોને ધ્યાનમા રાખીને કુદરતી સંસાધનો નો ઉપયોગ કરે અને વિકાસ પ્રક્રિયા આગળ વધારે. અન્યના ભોગે મેળવેલ વિકાસને ગાંધીજી પણ પાપ માને છે. આપણે સૌ જાણિએછે તેમ 2 ઓક્ટોબર ને વિશ્વ અહીંસા દિવસ તરીકે ઉજવવામા આવે છે. જે દર્શવે છે કી વિષ્વ પણ ગાંધીજિના વિચારોની વર્તમાન જરુરિયાતને સમજે છે અને તેથીજ સપ્ટેમ્બર,2015 મા ન્યૂયોર્ક સમિટ મા સન્યુક્ત રાષ્ટ્ર સંગઠનની મહાસભામા 193 જેટલા સભ્ય દેશોએ સાથે મળીને સમ્પોષિત વિકાસના લક્ષ્યાંકો પર ભાર મૂક્યો છે .જેમા 17 જેટલા મુખ્ય લક્ષ્યાંકો છે જે 2030 સુધીમા મહદ અંશે પૂર્ણ કરવાનુ આયોજન છે. જે ટ્રાન્સફોર્મીગ 2030 સસ્ટેનેબલ ગોલ્સ શિર્ષક હેઠળ કાર્યરત છે. જેમાનીચે મુજબ ના ઉદ્દેશો નક્કી કર્યા છે.

**ગરીબીનાબૂદી**
**શૂન્ય ભૂખમરાનો આંક**
**સારુ અને સુખરુપ આરોગ્ય**
**ગુણવતા યુક્ત શિક્ષણ**
**જાતિય સમાનતા**
**શુધ્ધ પાણી અને સ્વચ્છતા**
**વ્યાજબી અને શુધ્ધ ઊર્જા**
**યોગ્ય કાર્યો દ્વારા આર્થિક વૃધ્ધિ**
**ઉધોગ: ઇનોવેશન ,આંતર્માળખાકિય સુવિધા**
**અસમાનતામા ઘટાડો**
**ટકાઉ શહેરો અને સમુદાયો**
**યોગ્ય વપરાશ અને ઉત્પાદન પ્રક્રિયા**
**ક્લાયમેટ એક્શન**
**ટકાઉ જળ સંસાધનો અને જળ્જીવન**
**ટકાઉ જમીન અને જંગલો**
**શાંતિ ,ન્યાય અને મજ્બૂત સંસ્થાનો**
**તથા આ ઉદેશો માટે સક્રિય જન ભાગીદારી**

ગાંધીજી ના મતે, "કુદરત દરરોજ એટલુ ઉત્પાદન કરે છે જેથી માણસ પોતાની જરુરત સંતોષી શકે. પ્રત્યેક વ્યક્તિ પોતાની વાસ્તવિક જરુરિયાત પૂરતુ લઇ લે અને બાકીનુ બીજા માટે છોડીદે તો આ પૃથ્વી પર કોઇ નિર્ધન કે ભૂખ્યુ રહેશે નહી.(ગાંધી - 1930) આ બાબત સંપોષિત વિકાસ સાથે સંકળાયેલી છે."-ગાંધી વિચારધારા ગ્રામીણ પ્રશ્નોના નિરાકરણ માટે ગ્રામ સ્વરાજ્ના સિધ્ધાંતો પર આધાર રાખે છે.

ચૈતન્ય ભટ્ટ(2011) 'નોખી માટીના દિવડા ' પુસ્તક્મા સજીવ ખેતી, કૃષિ ઓજાર ,ગ્રામોત્થાન, જેઅવી આર્થિક અને આરોગ્ય,શિક્ષણ જેવી સામાજિક બાબતોનો સમાવેશ કર્યો છે જે ટકાઉ વિકાસના લક્ષ્યાંકો અને ગાંધી વિચાર સરણીને દર્શાવે છે.

લોકેશ જૈન (2016) 'ગ્રામિણ લોકોની બદલાતી ઉપભોગ વ્રુત્તિ અને તેની સમ્પોષિત વિકાસ ઉપર અસર ' મા જણાવ્યા મુજબ ગ્રામિણ બજારો વિકસિત થાય તે માટે સમાજ,સરકાર અને સ્વૈછિક સંસ્થાઓ દ્વારા સ્વાર્થ રહિત વિવેક પૂર્ણ પ્રયાસો હાથ ધરાવા જોઇએ.

**ગાંધીજીના આર્થિક વિચારો અને સમપોષિત વિકાસના લક્ષ્યાંકો** :

**વાલીપણાનો સિધ્ધાંત** :

ગાંધીજીનો વાલીપણાનો સિધ્ધાંત જણાવે છે કી આપણે આપણી જરુરિયાત જેટલુ જ વાપરવુ અને વધારાના માલિક નહિ પણ ટ્રસ્ટી બની અને તેનો સમાજ્ના અન્ય વંચિતો માટે કે વધુ ઉત્પાદન, રોજગારી અર્થે ઉપયોગ કરવો જે થી સૌનો વિકાસ થાય અને દેશમા રોજગારી અને ઉત્પાદન વધે સમ્પોષિત વિકાસના લોકભાગીદારી, રોજગારિ સર્જન, વંચિતો મટેનુ વ્યવસ્થાપન અને સમાનતાના લક્ષ્યાંકો આ ખ્યાલ સાથે મળતા આવે છે.

**યાંત્રીકરણ :**

ગાંધીજી યંત્રોના વિરોધી નહતા પરંતુ યંત્રોના ઉપયોગથી શ્રમ બેકાર બને તો આવુ યાંત્રીકરણ દેશના વિકાસ નહી પણ વિનાશ કરશે તેવુ ગાંધીજી માનતા હતા.યંત્રોનો વપરાશ મર્યાદિત રીતે થવો જોઇએ યંત્રો માનવને ઉપકારક હોવા જોઈએ મનુષ્યયંત્રોનો ગુલામ બનાવો જોઇએ નહી.

**વિકેન્દ્રિત વ્યવસ્થા**

વિકેન્દ્રિત વ્યવસ્થા અંગે ગાંધીજી માને છે કે ગ્રામોદ્ધાર થશે તો જ સાચું સ્વરાજ્ય આવશે.જો દેશને સ્વાવલંબી અને આત્મનિર્ભર બનાવવો હોય તો વિકેન્દ્રિત અર્થવ્યવસ્થા જરૂરી છે વિકેન્દ્રિત વ્યવસ્થા ગ્રામીણ ઉધોગ, કુટીર ઉધોગ ની હિમાયત

દ્વારા આર્થિક વિષમતા દૂર કરવાની હિમાયત કરી છે.

માનવીય-મૂલ્યો,નૈતિકતા,સ્ત્રીસશક્તિકરણ , બેરોજગારી નિવારણ (ખાદી વ્યવસાયની હિમાયત),સ્વાવલંબન, સાદગી ,સમાનતા અને અંત્યોદય સાથેનો વિકાસ .

**ગાંધીજીના વિચારોને સમપોષિત વિકાસ**

- . ગાંધીજીએ આરોગ્યને પોતાની "સૌથી મોટી સંપત્તિ, " તરીકે ગણ્યું હતું. તેમણે ઉલ્લેખ કર્યો હતો કે, ભૂખમરો નાબૂદ કરવામાટે લોકોએ આરોગ્યપ્રદ આહાર લેવો જોઇએ. આ ઘોષણા આપણી વર્તમાન અનુભૂતિ પહેલાંની છે કે, જેમ જેમ આપણે ભૂખને નાબૂદ કરીએ છીએ, તેમ તેમ આપણે પોષણની ખાતરી કરવાની જરૂર છે, ખાસ કરીને બાળકો માટે.

- તે જ સમયે, મહાત્મા માનતા હતા કે શિક્ષણ એ પરિવર્તનનું નોંધપાત્ર ચાલકબળ છે. તેમના માટે, શિક્ષણ એ "જીવન-સમયની ઘટના" છે, "નિરક્ષરતાને દૂર કરવી, તે જરૂરી નથી કે સંપૂર્ણ શિક્ષણ હોય". તેના માટે શિક્ષણનું માપ એ વ્યક્તિની આંતરિક ભલાઇ અથવા સંભાવનાઓની જાહેર થયેલી માત્રા હતી.

- આજકાલ, સામાન્ય રીતે અને ખાસ કરીને એસડીજીમાં આપણા વિકાસ પ્રવચનમાં જાતિય સમાનતા એ એક સુસ્થાપિત ધારણા છે. ગાંધીજીના દ્રષ્ટિકોણમાં પણ જાતિય સમાનતાની ચિંતા જોવા મળતી હતી. લગભગ એક સદી પહેલાં તેમણે કહ્યું હતું, "આપણે એવું ન કહેવું જોઈએ કે સ્ત્રીઓ પુરુષો કરતાં ઊતરતી કક્ષાની હોય છે. તે બદનક્ષી હશે અને તે પાપ છે." હકીકતમાં, તેમણે સ્ત્રીઓ માટેના શિક્ષણ અને તેમની સામાજિક સ્થિતિ વિશે ખૂબ વિસ્તૃત વાત કરી. તેમણે ઉલ્લેખ કર્યો હતો કે, "જે દિવસે આપણે એમ કહી શકીશું કે આપણી મહિલાઓ રાત્રે રસ્તા પર સુરક્ષિત છે – એ જ દિવસે આપણે જાતિય સમાનતા પ્રાપ્ત કરી છે." તે જ બતાવે છે કે ગાંધીજી તેમના સમય કરતા કેટલા આગળ હતા.

- સામાજિક-આર્થિક વિકાસને આવક, રોજગારી, ટેક્નોલોજી અને નવીનતાથી વેગ મળે છે. "પૂર્ણ રોજગાર" અને "લઘુત્તમ આવક"ના આધુનિક ખ્યાલો પણ ગાંધીજીના વિચારોમાં વ્યકત થયેલા જોવા મળતા હતા.તેમણે કહ્યું કે, "હું થોડા લોકો માટે રોજગાર નથી ઇચ્છતો, હું જનતા માટે રોજગાર ઇચ્છું છું." જેટકાઉ વિકાસ (SDGs) સાથે ખૂબ જ સુસંગત છે, જ્યારે તેમણે કહ્યું હતું કે, "આપણે લોકોને એક સારા કાર્યના આધારે યોગ્ય ભોજન આપવાની જરૂર છે, જરૂરી નથી કે તે સખાવત પર આધારિત હોય".

- ચરખો અને લઘુઉદ્યોગો પ્રત્યે ગાંધીજીનો સ્પષ્ટ મોહ પણ યોગ્ય રીતે સમજવાની જરૂર છે. તેમના માટે ટેકનોલોજી અને નવીનતાનો ઉપયોગ લોકોની સેવામાં કરવો પડશે અને રોજગારીની વ્યાપક શક્યતાઓ ઊભી કરવી પડશે. લોકોને તેમની નોકરીઓમાંથી છૂટા કરવા અને થોડા લોકો માટે નફો પેદા કરવાના સાધન તરીકે તેનો ઉપયોગ નથવો જોઈએ .

- તેમણે ગ્રામીણ રોજગાર અને નાના પાયાના ઉધોગોને ગરીબી નાબૂદીના સાધન તરીકે જોયા, ગ્રામીણ વિસ્તારોને શહેરી વિસ્તારોની સમકક્ષ લાવ્યા, અને વધુ અગત્યનું "વિકાસને સ્થાનિક બનાવવું" ટેકનોલોજી અને નવીનતાની સંભવિતતા પ્રત્યે સંવેદનશીલ રહેવું; તેમણે કહ્યું હતું કે, "પ્રકૃતિ અને તમામ સમાજની પ્રદાન કરવાની કે માગ કરવાની અમર્યાદિત ક્ષમતાનું ટેક્નોલોજીકલ ઇનોવેશન મારફતે સંપૂર્ણ પણે પરીક્ષણ કરવાનું બાકી છે."

- ગાંધીજી કાયદાના શાસન અને લોકતાંત્રિક રાજનીતિમાં દૃઢ વિશ્વાસ ધરાવતા હતા. તે રંગભેદ સામે લડયા હતા; તેના દ્વારા તે તેના પોતાના સંદર્ભમાં માનવાધિકાર સ્થાપિત કરવા માંગતા હતા . તેમના માટે, કાયદાનું શાસન અહિંસા, શાંતિપૂર્ણ સહ-અસ્તિત્વ અને સહિષ્ણુતા દ્વારા પ્રગટ થયું હતું. તેમણે કહ્યું, "જો તમે ખરેખર માનતા હો કે તમારા વિચારો બીજાઓ કરતાં વધુ સારા છે, તો તમારે બીજાના વિચારો સહન કરવા જોઈએ." આ વિચાર પણ , એસડીજીમાં પ્રતિબિંબિત થાય છે, વિકાસના નવા સિધ્ધાંતો સમર્થન આપે છે કે કાયદાઓ અને જવાબદારીનું શાસન, માત્ર

દેશની અંદર જ નહીં, પરંતુ દેશો વચ્ચે સ્થાપિત કરવું પડશે.

**તારણ** :

ગાંધીજીએ કહ્યું હતું કે, "જ્યારે તમે તેમના માટે કંઈક કરો છો ત્યારે તમારે સૌથી નબળા અને ગરીબ લોકોનો ધ્યાનમાં રાખવા જોઈએ,." તેઓ અહીં માલિકી, સશક્તિકરણ અને એકતા વિશે વાત કરે છે. એકતા અને ભાગીદારીનો ગાંધીવાદી વિચાર બીજા વિશ્વયુદ્ધ દરમિયાન ફાસીવાદ સામેની સંયુક્ત લડતના સંદર્ભમાં વસાહતી શક્તિ સાથેના તેમના સંબંધો દ્વારા શ્રેષ્ઠ રીતે વ્યક્ત કરવામાં આવે છે. વર્ષ 2030ની કાર્યસૂચિ હેઠળ, ગરીબી, ભેદભાવ અને અન્યાયના દુશ્મન સામે, વિકાસ અને શાસનમાળખામાં કોઈ પણ પ્રકારના તફાવતને ધ્યાનમાં લીધા વિના, વિશ્વવસુધૈવ કુટુંબકમની ભાવના સાથે એક બને તેવું ઇચ્છનીય છે.મહાત્માગાંધીના મતે, દુનિયાને "સિધ્ધાંતો વિનાના રાજકારણ" અને "નૈતિકતા વિનાના વાણિજ્ય" થી દૂર કરવી પડશે.અને શુભલાભના અર્થશાસ્ત્રને અપનાવવું પડશે. માનવતાને મહત્વ આપવું પડશે. એકંદરે ટકાઉ વિકાસના ખ્યાલમાં ગાંધીજીના વિચારો નો સમાવેશ થયેલો જોવા મળે છે.અસ્તુ ....

**સંદર્ભ :**


ભટ્ટદેવપ્રિયા (2019) "મહાત્મા ગાંધી અને સાતત્યપૂર્ણ વિકાસના લક્ષ્યાંકો ,ગૂજરાત વિધાપીઠ

કોઠારી, વિઠ્ઠલદાસ અને પટેલ અંબાલાલ (1977) ,ગુજરાત ની તાલીમ સંઘ ગૂજરાત વિધાપીઠ

ગાંધી મોહનદાસ ,(1930) અક્ષરદેહ ,

ગાંધી મોહનદાસ ,(1930)સત્યના પ્રયોગો

ગાંધી મોહનદાસ ,(1922)હિન્દ સ્વરાજ

શુક્લ નિમિષા અને સુદર્શન અયંગર (2014) બીજી આવૃત્તિ "પર્યાવરણીય અર્થશાસ્ત્ર અને ગાંધી વિચાર ધારા